# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ દ્વારા ખેતીમાં ડ્રોનનો ઉપયોગ અંગે અમદાવાદ જીલ્લામાં જાગૃતિ કાર્યક્રમ અને નીદર્શનો યોજાયા

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિધાન કેન્દ્ર, અરણેજ ખાતે માનનીય કુલપતિશ્રી ડો કે. બી. કથીરીયા સાહેબના પ્રેરક માર્ગદર્શન હેઠળ Agri-Drone Project under sub mission on Agricultural Mechanization યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના ખેડૂતોને બહોળી પ્રસિદ્ધિ અર્થે ડ્રોનથી છંટકાવના પ્રત્યક્ષ નિદર્શનો ગોઠવાય છે. માર્ચ માસ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યક્ષેત્રમાં આવતા કુલ ૧૫ ગામોના ૧૫ પ્રગતિશીલ ખેડૂતોની પસંદગી કરવામાં આવી કે જેઓ પોતાના ખેતરમાં ડ્રોન દ્વારા છંટકાવના નિદર્શન ગોઠવવા સંમત થયા હતા. આ ખેડૂતોના ખેતરમાં વિવિધ પાકો જેવા કે સુવા,ડાંગર,જીરૂં,ચણા તેમજ વરિયાળી વગેરે પાકોમાં જુદા જુદા દ્રાવણો જેવા કે સાગરિકા (દરિયાઈ શેવાળ), નેનો યુરિયા, નેનો ડી એ પી, ગોળ દૂધનું મિશ્રણ તેમજ જીવામૃત નો ડ્રોન દ્વારા છંટકાવ કરવામાં આવ્યો. આ નિદર્શનો હેઠળ ૪૦ એકર જેટલા વિસ્તારને આવરી લેવામાં આવ્યો. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. બી. એચ. પંચાલના માર્ગદર્શન મુજબ વૈજ્ઞાનિક ડો. ડી.જે.રંગપરા (કૃષિ ઇજનેર વ ડ્રોન પાઈલોટ) તેમજ ડો એન.કે.રાઠોડ, વૈજ્ઞાનિક (પા.સં.)ની ટીમ બનાવી ખેડૂતોને ડ્રોનના ખેતીમાં પ્રયોગથી ખેતી ખર્ચ, સમય અને મજૂરી બચાવી ઓછા સમયમાં અસરકારક છંટકાવ ના ફાયદા સમજાવી સરકારની ડ્રોનથી છંટકાવ સંલગ્ન વિવિધ યોજનાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.












જાગૃતિ કાર્યક્રમ
ખેતીમાં ડ્રોનનો ઉપયોગ

